**Item No. 43.4**

# આણંદ કૃષિ યુનિવર્સિટી
## આણંદ–૩૮૮ ૧૧૦

પ્રમાણપત્ર અભ્યાસક્રમોમાં મંજુર થયેલ વિનિયમોમાં અંશતઃ સુધારાઓ મંજૂર કરવા બાબત...

- - - - - - - - - - - - - - - - -

વંચાણે લીધો ::– તારીખ ૨૫.૧૦.૨૦૧૬ના રોજ આણંદ ખાતે મળેલ વિદ્યા પરિષદની ૪૩મી બેઠકની કાર્યનોંધના મુદ્દા નં. ૪૩.૪ નો ઠરાવ...

**જા હે ર ના મું**

આથી સંબંધકર્ત્તા સર્વેને જાણ માટે આથી જાહેર કરવામાં આવે છે કે, આણંદ કૃષિ યુનિવર્સિટીની વિદ્યા પરિષદની તેની તા. ૨૫.૧૦.૨૦૧૬ના રોજ આણંદ ખાતે મળેલ ૪૩મી બેઠકની કાર્યનોંધના મુદ્દા નં. ૪૩.૪ થી નીચે મુજબ ઠરાવવામાં આવેલ છે.

" આથી ઠરાવવામાં આવે છે કે, આણંદ કૃષિ યુનિવર્સિટી હસ્તકની વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રીની કચેરીના નિયંત્રણ હેઠળ ચાલતા પ્રમાણપત્ર અભ્યાસક્રમો જેવા કે બેકરી તાલીમ/મરઘાં પાલન તાલીમ/માળી તાલીમના ચાલતા અભ્યાસક્રમોમાં મંજૂર થયેલ વિનિયમોમાં આ સાથે સામેલ **"પરિશિષ્ટ–અ"** મુજબ સૂચવવામાં આવેલ સુધારાઓ મંજૂર કરવામાં આવે છે.

વધુમાં ઠરાવવામાં આવે છે કે, બેકરી તાલીમ/મરઘાં પાલન તાલીમ/માળી તાલીમના ચાલતા અભ્યાસક્રમોમાં પ્રવેશ મેળવવા અંગેની નિયત કરેલ જે તે શૈક્ષણિક લાયકાતની પરીક્ષા ગુજરાત રાજયની શાળાઓ/બોર્ડમાંથી પાસ કરેલી હોવી જોઈએ તેવો ઉમેરો કરવાનું ઠરાવ્યું."

(અરૂણ પટેલ)
વિસ્તરણ શિક્ષણ નિયામક

જા.નં.આકૃયુ/વિશિનિ/એકે/વિદ્યા પરિષદ/પ્રઅવિનિયમો/ ૪૫૩૮-૪૩ /૨૦૧૬:
તા. ૯૦ .૧૧.૨૦૧૬

<u>નકલ સવિનય રવાના ::–</u>

(૧) વિદ્યા પરિષદના સભ્યશ્રીઓ (તમામ)
(૨) કુલસચિવશ્રી, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ
(૩) યુનિવર્સિટી અધિકારીશ્રીઓ (તમામ)
(૪) આચાર્યશ્રી અને વિદ્યાશાખાધ્યક્ષશ્રીઓ (તમામ)
(૫) માનનીય કુલપતિશ્રીના રહસ્ય સચિવશ્રી, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ
(૬) કુલસચિવશ્રી, એકેડેમીક/બોર્ડ શાખા, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ...તરફ **વધારાની ૨૫ નકલો** સહિત જાણ થવા વિનંતી સહ...

<u>નકલ રવાના ::–</u>

પ્રમાણપત્ર અભ્યાસક્રમોના વડાશ્રીઓ – (૧) માળી તાલીમ કેન્દ્ર, (૨) બેકરી શાળા અને (૩) મરઘાં પાલન તાલીમ કેન્દ્ર, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ...તરફ ઘટતું થવા સારૂં...

"પરિશિષ્ટ–અ"

# પ્રમાણપત્ર અભ્યાસક્રમોમાં હાલના મંજૂર થયેલ વિનિયમો અને તેની સામે સુધારવાના વિનિયમોની વિગત

| વિનિયમનો ક્રમ | હાલના મંજૂર થયેલ વિનિયમોની વિગત | વિનિયમમાં સૂચવવામાં આવેલ સુધારાઓ |
|---|---|---|
| **(૧) ટ્રેનીંગ ઈન ગાર્ડનીંગ, લેન્ડ સ્કેપીંગ એન્ડ નર્સરી મેનેજમેન્ટ (માળી તાલીમ) નો છ માસનો પ્રમાણપત્ર અભ્યાસક્રમ :** | | |
| ૨.૪ | માળી તાલીમ કેન્દ્ર, આણંદની પ્રવેશક્ષમતા ૨૦ (વીસ) બેઠકોની રહેશે. | માળી તાલીમ કેન્દ્ર, આણંદની પ્રવેશક્ષમતા ૨૫ (પચ્ચીસ) બેઠકોની રહેશે. |
| ૨.૫ | પ્રવેશ માટેની શૈક્ષણિક લાયકાત ધોરણ–૭ (સાત) પાસ ઉપરાંત નીચે દર્શાવેલ વધારાની લાયકાત ધરાવતા ઉમેદવારોને પ્રવેશ માટે તેની સામે જણાવ્યા મુજબ ભારાંક (વેઈટેજ) આપવામાં આવશે.<br>વધારાની શૈક્ષણિક લાયકાત<br>ભારાંક<br>૧ અનુસ્નાતક ૦૭ ટકા<br>૨ સ્નાતક ૦૫ટકા<br>૩ ઉચ્ચતર માધ્યમિક શાળાંત પરીક્ષા (ધોરણ–૧૨ પાસ) ઉમેદવારને ૩ ટકા<br>૪ માધ્યમિક શાળાંત પરીક્ષા (ધોરણ–૧૦ પાસ) ન્યુ એસ.એસ.સી. પરીક્ષા પાસ ઉમેદવારને ૨ ટકા<br>ઉપરોકત ૧ થી ૪ માં જણાવેલ ભારાંક પૈકી કોઈપણ ઉમેદવારને ૭ ટકાથી વધુ ભારાંક મળવાપાત્ર રહેશે નહીં. | રદ કરવો અને તેની જગ્યાએ નીચે મુજબ ઉમેરો કરવો.<br>**અગ્રતાક્રમ :**<br>ધોરણ–૭ થી વધારે એટલે કે એસ.એસ.સી. પરીક્ષા અને તેની સમકક્ષ પરીક્ષા ધોરણ–૯ અને ધોરણ–૮ પાસ કરેલ ઉમેદવારોને અનુક્રમે અગ્રીમતા આપી અગ્રતાક્રમ (મેરીટ) યાદી બનાવવામાં આવશે.<br>જેમાં એસ.એસ.સી. પરીક્ષા પછીની વધારાની મેળવેલ શૈક્ષણિક લાયકાતને ધ્યાનમાં લેવાની રહેશે નહીં.<br>**ઉમેરો :**<br>પ્રવેશ મેળવવા અંગેની નિયત કરેલ જે તે શૈક્ષણિક લાયકાતની પરીક્ષા ગુજરાત રાજયની શાળા/બોર્ડમાંથી પાસ કરેલી હોવી જોઈએ. |
| ૨.૬ | ધોરણ–૭ પાસ થયેલ હોય તેમજ કોઈ પણ સહકારી, સરકારી, ખાનગી કે અર્ધ સરકારી સંસ્થા તરફથી પ્રવેશ માટે ભલામણ કરાયેલ હોય તેવા દશ ઉમેદવારને તાલીમ કેન્દ્રમાં શિષ્યવૃતિ વગર શકય હોય ત્યાં સુધી સગવડતા મુજબ પ્રવેશક્ષમતા ઉપરાંત પ્રવેશ આપવામાં આવશે. | રદ કરવો. |

| | | |
|---|---|---|
| ૨.૮ | કોઈ સહકારી અથવા સરકારી અથવા અર્ધ સરકારી અથવા ખાનગી સંસ્થા ધ્વારા ભલામણ કરાયેલ ઉમેદવારે તેના અરજીપત્રકમાં પિતાને બદલે ભલામણ કરાયેલ સંસ્થાના વડાની સહી–સિકકો કરાવવાનો રહેશે. વધુમાં ભલામણ પત્ર સંસ્થાના છાપેલા લેટર પેડ ઉપર રજૂ કરવાની રહેશે. | રદ કરવો. |
| ૨.૧૦(અ) | ૨.૧૦ અરજીફોર્મ સાથે ઉમેદવારે નીચે મુજબના બિડાણો સામેલ કરવાના રહેશે.<br>(અ) ધોરણ–૭ પરીક્ષા પાસ અને તે ઉપરાંત વધારાની શૈક્ષણિક લાયકાત ધરાવતા ગુણપત્રકોની પ્રમાણિત નકલ. | ૨.૧૦ અરજીફોર્મ સાથે ઉમેદવારે નીચે મુજબના બિડાણો સામેલ કરવાના રહેશે.<br>(અ) ધોરણ–૭ અથવા ધોરણ–૮ અથવા ધોરણ–૯ અથવા ધોરણ–૧૦ પૈકીની છેલ્લાં અભ્યાસક્રમના ગુણપત્રકોની પ્રમાણિત નકલ |
| ૨.૧૦(ક) | (ક) ઉમેદવાર અનુસૂચિત જાતિ/ અનુસૂચિત જનજાતિ/સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત (બક્ષીપંચ) વર્ગના હોય તો તેવી જાતિ સબબના જે તે તાલુકા મામલતદારશ્રી/જિલ્લા સમાજકલ્યાણ અધિકારીશ્રી/સક્ષમ અધિકારીશ્રીના પ્રમાણપત્રની પ્રમાણિત નકલ. સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોના ઉમેદવારોએ તેમની અનામત બેઠક ઉપર પ્રવેશ મેળવવા ઈચ્છતા હોય તો તેઓનો ઉન્નત વર્ગમાં સમાવેશ થતો નથી તેવું **ચાલુ વર્ષનું** ક્રીમીલેયર સર્ટીફીકેટ જે તે સક્ષમ અધિકારીશ્રીના પ્રમાણપત્રની પ્રમાણિત નકલ. | (ક) **"ચાલુ વર્ષનું"** શબ્દ રદ કરવો.<br><br>છેલ્લે નીચે મુજબનો ઉમેરો કરવો.<br>વધુમાં સરકારશ્રી તરફથી વખતોવખત કરવામાં આવતાં ફેરફારનો અમલ કરવાનો રહેશે. |
| ૨.૧૦(ડ) | (ડ) કોઈ સંસ્થા તરફથી મોકલવામાં આવનાર ઉમેદવારે તે સંસ્થાનો ભલામણ પત્ર તથા માળી અંગેની કામગીરીનો અનુભવ અંગેનું પ્રમાણપત્ર (સંસ્થાના છાપેલા લેટરહેડ ઉપર). | રદ કરવો. |

| | | |
|---|---|---|
| ૨.૧૧ | પ્રવેશ આપવા માટે ઉમેદવારોની પસંદગી કરવા નીચે મુજબની પસંદગી સમિતિ રહેશે.<br><br>(અ) અધ્યક્ષ – વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રી, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ<br>(બ) કન્વીનર – પ્રાધ્યાપક અને વડાશ્રી, બાગાયત વિભાગ, બં. અ.કૃષિ મહાવિદ્યાલય, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ<br>(ક) સભ્ય સચિવ – માળી તાલીમ કેન્દ્રના ઈનચાર્જશ્રી, બાગાયત વિભાગ,બં.અ. કૃષિ મહાવિદ્યાલય, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ | પ્રવેશ આપવા માટે ઉમેદવારોની પસંદગી કરવા નીચે મુજબની પસંદગી સમિતિ રહેશે.<br>પ્રવેશ વિનિયમો–૨.૧૧ માં પસંદગી સમિતિના સભ્ય તરીકે આચાર્ય અને વિદ્યાશાખાધ્યક્ષશ્રી (કૃષિ)નો સમાવેશ/ ઉમેરો કરવો.<br><br>(અ) અધ્યક્ષ – યથાવત<br>(બ) સભ્ય – આચાર્ય અને વિદ્યાશાખાધ્યક્ષશ્રી (કૃષિ) બં.અ.કૃષિ મહાવિદ્યાલય આકૃયુ., આણંદ<br>(ક) કન્વીનર – યથાવત<br>(ડ) સભ્ય સચિવ – યથાવત |
| **(૨) બેકરી તાલીમનો વીસ અઠવાડિયાનો પ્રમાણપત્ર અભ્યાસક્રમ :** | | |
| ૧.૧ | પ્રવેશ મેળવવા માટેની અરજી કરવા ઈચ્છતા ઉમેદવારની લઘુત્તમ શૈક્ષણિક લાયકાત ન્યુ એસ.એસ.સી. અથવા તેની સમકક્ષ પરીક્ષા પાસ અથવા ધોરણ–૯ પાસ અને બેકરી કામગીરીનો બે વર્ષનો અનુભવ ધરાવતા અથવા બેકરી, સહકારી અને સરકારી કે શૈક્ષણિક સંસ્થા તરફથી પ્રવેશ માટે ભલામણ કરાયેલ હોય તેવા ઉમેદવારને યોગ્યતા પ્રમાણે પ્રવેશ આપવામાં આવશે. | પ્રવેશ મેળવવા માટેની અરજી કરવા ઈચ્છતા ઉમેદવારની શૈક્ષણિક લાયકાત એસ.એસ.સી. પાસ/નાપાસ અથવા તેની સમકક્ષ પરીક્ષા પાસ/નાપાસ જેમાં એસ.એસ.સી.પરીક્ષા પાસ ઉમેદવારોને અગ્રતાક્રમે ગોઠવી અગ્રતાક્રમ (મેરીટ) યાદી બનાવવામાં આવશે.<br>**ઉમેરો :**<br>પ્રવેશ મેળવવા અંગેની નિયત કરેલ જે તે શૈક્ષણિક લાયકાતની પરીક્ષા ગુજરાત રાજયની શાળા/બોર્ડમાંથી પાસ કરેલી હોવી જોઈએ. |
| ૨.૪ | અનુસૂચિત જાતિ/અનુસૂચિત જનજાતિ તથા સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારોએ અનામત જગ્યાઓ પર પ્રવેશ મેળવવા માટે જાતિ અંગેના જે તે તાલુકા મામલતદારશ્રી/જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રી/સક્ષમ અધિકારીશ્રીના પ્રમાણપત્રની પ્રમાણિત નકલ અરજીફોર્મ સાથે રજૂ કરવાની રહેશે. સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારોએ તેમની અનામત બેઠક ઉપર પ્રવેશ | છેલ્લેથી બીજી લીટીમાં **ચાલુ વર્ષનું** શબ્દ રદ કરવો અન્ય વિગતો યથાવત.<br><br>છેલ્લે નીચે મુજબનો ઉમેરો કરવો.<br>વધુમાં સરકારશ્રી તરફથી વખતોવખત કરવામાં આવતાં ફેરફારનો અમલ કરવાનો રહેશે. |

| | | |
|---|---|---|
| | મેળવવા ઈચ્છતા હોય તો તેમણે ઉન્નત વર્ગમાં (ક્રીમીલેયર) સમાવેશ થતો નથી તેવું **ચાલુ વર્ષનું** સક્ષમ અધિકારીશ્રીનું પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે. | |
| ૨.૫ | બેકરી શાળા, આણંદની પ્રવેશક્ષમતા ૨૫ (પચ્ચીસ) વિદ્યાર્થીઓની રહેશે. આ ઉપરાંત વધારાની ૦૫ (પાંચ) બેઠકો પેમેન્ટના ધોરણે નિયત શૈક્ષણિક લાયકાત ધરાવતા ઉમેદવારોથી ભરવામાં આવશે. આ પ્રત્યેક બેઠક પર રૂ.૫,૦૦૦/-+ નિયત ફી રૂ.૧,૦૦૦/- એમમળી કુલ રૂ.૬,૦૦૦/- ના દરથી અગ્રતાક્રમ અનુસાર પ્રવેશ આપવામાં આવશે. | બેકરી શાળા,આણંદની પ્રવેશક્ષમતા ૨૫ (પચ્ચીસ) વિદ્યાર્થીઓની રહેશે. |
| ૨.૬ | પ્રવેશ માટેની લઘુત્તમ શૈક્ષણિક લાયકાત (ન્યુ એસ.એસ.સી.) ઉપરાંત નીચે દર્શાવેલ વધારાની લાયકાત ધરાવતા ઉમેદવારોને પ્રવેશ માટે તેની સામે જણાવ્યા મુજબ ભારાંક (વેઈટેજ) આપવામાં આવશે.<br><u>વધારાની શૈક્ષણિક લાયકાત</u><br><u>ભારાંક</u><br>૧ અનુસ્નાતક (વિજ્ઞાન પ્રવાહ) ૭%<br>૨ અનુસ્નાતક(સામાન્ય પ્રવાહ) ૬%<br>૩ વિજ્ઞાન પ્રવાહમાં સ્નાતક પદવી ધરાવતા ઉમેદવારને ૫%<br>૪ સામાન્ય પ્રવાહમાં સ્નાતક પદવી ધરાવતા ઉમેદવારને ૪%<br>૫ ઉચ્ચતર માધ્યમિક શાળાંત પરીક્ષા (વિજ્ઞાનપ્રવાહ) ૩%<br>૬ ઉચ્ચતર માધ્યમિક શાળાંત પરીક્ષા (સામાન્ય પ્રવાહ) ૨%<br><br>ઉપરોકત ૧ થી ૬ માં જણાવેલ ભારાંક પૈકી કોઈપણ ઉમેદવારને ૭ ટકાથી વધુ ભારાંક મળવાપાત્ર રહેશે નહીં. | રદ કરવો |
| ૨.૭ | એક કરતાં વધુ પ્રયત્નોથી ન્યુ એસ.એસ.સી પરીક્ષા પાસ કરેલ ઉમેદવારને દરેક વધારાના પ્રયત્ન દીઠ ૩ (ત્રણ) ટકા કપાત કરવામાં આવશે. | રદ કરવો |

| | | |
|---|---|---|
| ૨.૯ | કોઈ બેકરી, સહકારી, સરકારી અથવા શૈક્ષણિક સંસ્થા ધ્વારા ભલામણ કરાયેલ ઉમેદવારે તેના અરજીપત્રકમાં પિતાના બદલે ભલામણ કરાયેલ સંસ્થાના વડાના સહી/સિકકા કરાવવાના રહેશે તેમજ ભલામણ પત્ર સંસ્થાના છાપેલા લેટરપેડ ઉપર રજુ કરવાનો રહેશે. | રદ કરવો |
| ૨.૧૧ | સૂચિપત્ર/પ્રવેશ ફોર્મની કિંમત રૂા. ૧૦૦/– રહેશે જયારે પેમેન્ટ સીટ માટેના સૂચિપત્ર/પ્રવેશ ફોર્મની કિંમત રૂા. ૨૦૦/– રહેશે. | " જયારે પેમેન્ટ સીટ માટેના સૂચિપત્ર/પ્રવેશ ફોર્મની કિંમત રૂા. ૨૦૦/– રહેશે." આ લાઈન રદ કરવાનો સુધારો. |
| ૨.૧૨(૧) | ન્યુ એસ.એસ.સી. કે તેની સમકક્ષ પરીક્ષા અને તે ઉપરાંત વધારાની શૈક્ષણિક લાયકાત ધરાવતા ગુણપત્રકની પ્રમાણિત નકલ | એસ.એસ.સી. કે તેની સમકક્ષ પરીક્ષા પાસ અથવા નાપાસના ગુણપત્રકની પ્રમાણિત નકલ |
| ૨.૧૨(૩) | ન્યુ એસ.એસ.સી પરીક્ષા જેટલા પ્રયત્ને પાસ કરી હોય તેટલા પ્રયત્ન દર્શાવતા સંબંધિત શાળાના આચાર્યશ્રીના પ્રમાણપત્રની પ્રમાણિત નકલ. | રદ કરવો |
| ૨.૧૨(૪) | ઉમેદવાર અનુસૂચિત જાતિ / અનુસૂચિત જનજાતિ/સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના હોય તો તેવી જાતિ સબબના જે તે તાલુકા/જિલ્લા સમાજકલ્યાણ અધિકારીશ્રીના પ્રમાણપત્રની પ્રમાણિત નકલ. | યથાવત. "સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારોએ તેમની અનામત બેઠક ઉપર પ્રવેશ મેળવવા ઈચ્છતા હોય તો તેમણે ઉન્નત વર્ગમાં (ક્રીમીલેયર) સમાવેશ થતો નથી તેવું સક્ષમ અધિકારીશ્રીના પ્રમાણપત્રની પ્રમાણિત નકલ રજૂ કરવાની રહેશે. વધુમાં સરકારશ્રી તરફથી વખતોવખત કરવામાં આવતાં ફેરફારનો અમલ કરવાનો રહેશે." નો ઉમેરો કરવો. |
| ૨.૧૨(૫) | કોઈ સંસ્થા તરફથી મોકલવામાં આવનાર ઉમેદવારે તે સંસ્થાનો ભલામણ પત્ર તથા બેકરી અંગેની કામગીરીનો અનુભવ અંગેનુ પ્રમાણપત્ર (સંસ્થાના છાપેલા લેટરપેડ ઉપર) | રદ કરવો. |

| | | |
|---|---|---|
| ૨.૧૩(૫) | પ્રવેશ આપવા માટે ઉમેદવારની પસંદગી કરવા નીચે મુજબની પસંદગી સમિતિ રહેશે.<br>(૧) અધ્યક્ષ – વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રી<br>(૨) સભ્ય – મદદનીશ વિસ્તરણ શિક્ષણશાસ્ત્રીશ્રી/ શાળાના વડાશ્રી, બેકરી શાળા | નીચે મુજબની પસંદગી સમિતિ રહેશે.<br>(૧) અધ્યક્ષ – વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રી<br>(૨) સભ્ય – આચાર્ય અને વિદ્યાશાખાધ્યક્ષશ્રી (એફપીટીબીઈ)<br>(૩)સભ્યસચિવ – બેકરી શાળાના વડાશ્રી, બેકરી શાળા |
| ૩.૪ | ફી/અનામતની રકમ નીચે જણાવેલ યુનિવર્સિટીના હિસાબી સદર હેઠળ જમા કરાવવાની રહેશે.<br>(૧) કોશન મનીની અનામત – યુનિવર્સિટી ફંડ એકાઉન્ટમાં અનામતના "૯૭૦૩" કોશન મની અનામત સદરે<br>(૨) છાત્રાલય અનામત – યુનિવર્સિટી ફંડ એકાઉન્ટમાં અનામતના સદર "૯૭૦૪" બેકરી શાળા અનામત હોસ્ટેલ અનામતના સદરે<br>(૩) ઓળખપત્ર ફી, ગુણપત્રક ફી – યુનિવર્સિટી ફંડ એકાઉન્ટના જે તે શાળાના હિસાબી સદરે<br>(૪) મેગેઝીન ફી – વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રીની કચેરીના હિસાબી સદર ૪૫૦૫ હેઠળ<br>(૫) પ્રયોગશાળા ફી – વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રીની કચેરીના હિસાબી સદર ૪૫૦૫ હેઠળ<br>(૬) વિકાસ ફંડ – બેકરી શાળાના રીવોલ્વીંગ ફંડ હિસાબી સદર "૯૫૧૦–A–૨૦" હેઠળ | ફી/અનામતની રકમ નીચે જણાવેલ યુનિવર્સિટીના હિસાબી સદર હેઠળ જમા કરાવવાની રહેશે.<br>(૧) યથાવત<br>(૨) છાત્રાલય / પ્રયોગશાળા અનામત – યુનિવર્સિટી ફંડ એકાઉન્ટમાં અનામતના સદર "૯૭૦૪" બેકરી શાળા અનામત હોસ્ટેલ/પ્રયોગશાળા અનામતના સદરે<br>(૩) ઓળખપત્ર ફી, ગુણપત્રક ફી, ટ્રાન્સક્રિપ્ટસ ફી – યુનિવર્સિટી ફંડ એકાઉન્ટના જે તે શાળાના હિસાબી સદરે<br>(૪) મેગેઝીન ફી – યુનિવર્સિટી ફંડ એકાઉન્ટના જે તે શાળાના હિસાબી સદરે<br>(૫) પરીક્ષા ફી – યુનિવર્સિટી ફંડ એકાઉન્ટના જે તે શાળાના હિસાબી સદરે<br>(૬) યથાવત |
| ૪.૧૪ | તાલીમાર્થીની ગુણપત્રક કે પ્રમાણપત્ર ગુમ થયેલ હોય અને તે શાળાને ડુપ્લીકેટ ગુણપત્રક કે પ્રમાણપત્ર મેળવવા અરજી કરે તો તાલીમાર્થી પાસે તે અંગેની ફી રૂા. ૧૦૦/–લેવાની રહેશે. | યથાવત. ઉમેરો કરવો.<br>ગુમ થયા સબબની અરજી સાથે એફીડેવીટ અવશ્ય રજૂ કરવાની રહેશે અને આ ડુપ્લીકેટ ગુણપત્રક/પ્રમાણપત્ર/ટ્રાન્સક્રિપ્ટસ હાલના નમૂનામાં જ આપવામાં આવશે. |

| (૩) મરઘાં પાલન તાલીમ કેન્દ્ર, આણંદ ખાતે ચાલતા દશ અઠવાડિયાના ત્રણ તાલીમ વર્ગોના પ્રમાણપત્ર અભ્યાસક્રમો : | | |
|---|---|---|
| ૧.૧ | પ્રવેશ મેળવવા માટેની અરજી કરવા ઈચ્છતા ઉમેદવારે પ્રથમ અને દ્વિતિય – '**મરઘાં ઉછેર તાલીમ**' વર્ગ માટે ઓછામાં ઓછું ધોરણ – ૭ (સાત) પાસ કરેલ હોવું જોઈએ અને તૃતિય '**ઉચ્ચત્તર મરઘાં ઉછેર અને સેવન વ્યવસ્થા તાલીમ**' વર્ગ માટે ઓછામાં ઓછું ધોરણ – ૯ (નવ) પાસ કરેલ હોવું જોઈએ. | પ્રવેશ મેળવવા માટેની અરજી કરવા ઈચ્છતા ઉમેદવારે "વ્યવસાયિક મરઘાં ફાર્મ તાલીમ" અથવા "વ્યવસાયલક્ષી આધુનિક મરઘાં ઉછેર પ્રોદ્યોગિક તાલીમ" માટે ઓછામાં ઓછું ધોરણ – ૭ (સાત) પાસ કરેલું હોવું જોઈએ.<br>**ઉમેરો :**<br>પ્રવેશ મેળવવા અંગેની નિયત કરેલ જે તે શૈક્ષણિક લાયકાતની પરીક્ષા ગુજરાત રાજયની શાળા/બોર્ડમાંથી પાસ કરેલી હોવી જોઈએ. |
| ૧.૨ | પ્રવેશ મેળવવા ઈચ્છતા ઉમેદવારની ત્રણેય તાલીમ વર્ગ માટે વય મર્યાદા ૧૬ થી ૫૦ વર્ષ સુધીની હોવી જોઈએ. | પ્રવેશ મેળવવા ઈચ્છતા ઉમેદવારની ત્રણેય તાલીમ વર્ગ માટે વય મર્યાદા ૧૫ થી ૪૦ વર્ષ સુધીની હોવી જોઈએ. |
| ૨.૪ | અનુસૂચિત જાતિ/અનુસૂચિત જનજાતિ/ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારોએ અનામત જગ્યાઓ પર પ્રવેશ મેળવવા માટે જાતિ અંગેના જે તે તાલુકા મામલતદારશ્રી/જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રી/સક્ષમ અધિકારીશ્રીના પ્રમાણપત્રની પ્રમાણિત નકલ અરજી ફોર્મ સાથે રજૂ કરવાની રહેશે. સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારો જો તેઓની અનામત બેઠક ઉપર પ્રવેશ મેળવવા ઈચ્છતા હોય તો તેઓનો ઉન્નત વર્ગમાં સમાવેશ થતો નથી તેવું **ચાલુ વર્ષનું** ક્રીમીલેયર પ્રમાણપત્રની પ્રમાણિત નકલ રજૂ કરવાની રહેશે. | છેલ્લેથી ત્રીજી લીટીમાં **"ચાલુ વર્ષનું"** શબ્દ રદ કરવો અન્ય વિગતો યથાવત.<br>છેલ્લે નીચે મુજબનો ઉમેરો કરવો.<br>વધુમાં સરકારશ્રી તરફથી વખતોવખત કરવામાં આવતાં ફેરફારનો અમલ કરવાનો રહેશે. |
| ૨.૫ | દરેક તાલીમ વર્ગની પ્રવેશક્ષમતા ૧૫ બેઠકોની રહેશે. જો ઉમેદવારો પ્રવેશક્ષમતા કરતાં વધારે ઉપલબ્ધ હોય તેવા સંજોગોમાં વધારાના ૧૦ (દશ)ઉમેદવારોને વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રીની મંજૂરી મેળવીને પ્રવેશ આપી શકાશે. | દરેક તાલીમ વર્ગની પ્રવેશક્ષમતા ૨૫ બેઠકોની રહેશે. |

| | | |
|---|---|---|
| ૨.૬ | પ્રવેશ માટે આવેલ તમામ અરજીઓની ચકાસણી કરી પ્રવેશપાત્ર ઉમેદવારોના શૈક્ષણિક લાયકાત તેમજ અભ્યાસ પ્રવાહને લગતા નીચેના મુદ્દાઓ ધ્યાનમાં લઈ અગ્રતાક્રમ યાદી તૈયાર કરવામાં આવશે.<br>(અ) વધુ શૈક્ષણિક લાયકાત ધરાવતા ઉમેદવારોને અગ્રીમતા આપવામાં આવશે.<br>(બ) શૈક્ષણિક લાયકાતમાં વિજ્ઞાન, વાણીજય અને સામાન્ય પ્રવાહને પ્રથમ, દ્વિતીય અને તૃતિય ક્રમાંક આપવામાં આવશે.<br>(ક) ઉમેદવારે અરજી પત્રકમાં જણાવેલ શૈક્ષણિક લાયકાત અરજી કરવાની છેલ્લી તારીખ સુધીની અને અરજીપત્રક સાથે જોડેલ પ્રમાણપત્રોની ખરી નકલ ઉપરથી ગણવામાં આવશે.<br>(ડ) જે ઉમેદવારે બે કે ત્રણ વર્ષનો ડીપ્લોમા પસાર કર્યો હોય તો તેને તે ડીપ્લોમાની પ્રવેશ મોટેની જે ન્યુનતમ લાયકાત હોય તે ધોરણથી તેમના તેટલા વર્ષ ઉમેરીને પ્રવેશ યાદીમાં અગ્રીમતા આપવી. દા.ત. જો પ્રવેશ ન્યુનતમ જરૂરીયાત ધોરણ–૧૦ હોય અને ઉમેદવારે બે વર્ષનો ડીપ્લોમા કર્યો હોય તો તેને ધોરણ–૧૨ની સમકક્ષ ગણવો અને જો ત્રણ વર્ષનો ડીપ્લોમા કર્યો હોય તો તેને પ્રથમ વર્ષ સ્નાતકની સમકક્ષ ગણવો. આ ડીપ્લોમા કોઈપણ સરકાર માન્ય સંસ્થા/બોર્ડ અથવા યુનિવર્સિટીમાંથી મેળવેલ હોવો જોઈએ. મરઘાં ઉછેરની આ સંસ્થાની કે ત્રણ માસ કે તેથી લાંબા ગાળાની તાલીમ લીધેલ હશે તો તેમને પણ અગ્રીમતામાં સ્થાન આપવામાં આવશે. આ ઉપરાંત લાઈવસ્ટોક ઈન્સ્પેકટર તાલીમ લીધેલ ઉમેદવારોને પણ અગ્રીમતામાં સ્થાન અપાશે. | પ્રવેશના પસંદગીના વિનિયમો– ૨.૬ (અ),(બ),(ક) અને (ડ) રદ કરવો અને તેના બદલે નીચે મુજબનો સુધારો ઉમેરવો.<br><br>**અગ્રતાક્રમ :**<br>ધોરણ–૭ થી વધારે એટલે કે એસ.એસ.સી. પરીક્ષા અને તેની સમકક્ષ પરીક્ષા, ધોરણ–૯ અને ધોરણ–૮ પાસ કરેલ ઉમેદવારોને અનુક્રમે અગ્રીમતા આપી અગ્રતાક્રમ (મેરીટ) યાદી બનાવવામાં આવશે.<br>જેમાં એસ.એસ.સી. પરીક્ષા પછીની વધારાની મેળવેલ શૈક્ષણિક લાયકાતને ધ્યાનમાં લેવાની રહેશે નહીં. |

| | | |
|---|---|---|
| ૨.૯ (ક) | ઉમેદવાર અનુસૂચિત જાતિ/અનુસૂચિત જનજાતિ/ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત હોય તો તેવી જાતિ સબબના જે તે તાલુકા મામલતદારશ્રી/જિલ્લા સમાજકલ્યાણ અધિકારીશ્રી/સક્ષમ અધિકારીશ્રીના પ્રમાણપત્રની પ્રમાણિત નકલ. સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારો જો તેઓની અનામત બેઠક ઉપર પ્રવેશ મેળવવા ઈચ્છતા હોય તો તેઓનો ઉન્નત વર્ગમાં સમાવેશ થતો નથી તેવું **ચાલુ વર્ષનું** ક્રીમીલેયર પ્રમાણપત્રની પ્રમાણિત નકલ રજૂ કરવાની રહેશે. | **"ચાલુ વર્ષનું"** શબ્દ રદ કરવો અન્ય વિગતો યથાવત.<br><br>છેલ્લે નીચે મુજબનો ઉમેરો કરવો.<br>વધુમાં સરકારશ્રી તરફથી વખતોવખત કરવામાં આવતાં ફેરફારનો અમલ કરવાનો રહેશે. |